NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી

ડૉ.જી.જી.રાદડીયા
ઇ/ચા કુલસચિવ

ફોન:૦૨૬૩૭–૨૮૨૮૨૩ અને ૨૮૨૭૭૧–૭૫ એક્ષ.૧૧૩૨ .
મો: ૯૮૨૫૧૩૬૭૯૩ ઈ.મેલ:registrar@nau.in

---

**વંચાણે લીધા:**

૧. શ્રમ અને રોજગાર વિભાગ,ગાંધીનગરનાં અંગ્રેજી નોટીફીકેશન નં. કેએચઆર–૨૦૧૪–૨૨/એલવીડી/૧૦– ૨૦૧૧/ જીઓ એલ૦૪/એમ(૨),તા.૨૦.૦૧.૨૦૧૪

૨. સરકારશ્રીના નાયબસચિવ,ગાંધીનગરના ગેઝેટ વોલ્યુમ નં.LV તા:૦૪.૦૨.૨૦૧૪

## –:પરિપત્ર:–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના મુખ્ય કેન્દ તથા વિવિધ સંશોધન કેન્દ્રો,વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો,કોલેજ હસ્તકના સંશોધન–વ–પ્રાયોગીક ફાર્મ વિગેરે ઉપર ખેતી લક્ષી સંશોધનની કામગીરી માટે દૈનિક દરથી ખેતમજુરોને રોકવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ ધ્વારા લઘુતમ વેતન અધિનિયમ–૧૯૪૮ નીચે નકકી કરેલ દૈનિક લઘુતમ વેતન દર સરકારશ્રીનાં ખેતી વ્યવસાયમાં રોકાયેલ ખેતમજુરોને જે દર ચુકવવામાં આવે છે.તેનો અમલ આ કૃષિ યુનિવર્સિટીમાં પણ કરવામાં આવે છે.આમ, આ કૃષિ યુનિવર્સિટીનાં ખેત મજુરોને ગુજરાત સરકાર નકકી કરેલ વેતન દર ચુકવવામાં આવે છે.

ગુજરાત સરકાશ્રી તરફથી તાજેતરમાં ઉપરોકત વંચાણે લીભેલ ક્રમ–૧ નાં નોટીફીકેશન અને ક્રમ.–૨ ના સરકારશ્રીના નાયબસચિવશ્રી,ગાંધીનગરના ગેઝેટ મુજબ ખેત વ્યવસાયમાં રોકાયેલ ખેત મજુરોનાં દૈનિક લઘુતમ વેતન દર ₹ ૧૫૦/–(અંકે એકસો પચાસ પુરા)તા:૨૦/૦૧/૨૦૧૪ થી અમલમાં આવેલ છે. તે મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના મુખ્ય મથક અને યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો ઉપર રોકવામાં આવતા ખેત મજુરોનાં દૈનિક લઘુતમ વેતન દર ₹૧૨૦/–ના ₹ ૧૫૦/–(એકસો પચાસ કરવામાં આવે છે) જેનો અમલ તારીખ:૨૦/૦૧/૨૦૧૪ થી કરવાનો રહેશે.

**તારીખ:૨૦/૦૧/૨૦૧૪ થી તારીખ:૧૫/૦૭/૨૦૧૪ સુધીના તફાવત આપવાનું રહેશે.અને તારીખ: ૧૬/૦૭/૨૦૧૪ થી નવા દર મુજબ દૈનિક દર ચુકવણુ કરવાનું રહેશે .**

**પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની ફાઈલ ઉપર અનુમતી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૧/મંજુરી/૮૧૧૩–૧૬/૨૦૧૪.**
**નવસારી. તારીખ: ૧૪/૦૭/૨૦૧૪.**

ઇ/ચા.**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

**નકલ સવિનય રવાના :–**

૧. **નવસારી કૃષિ યુનિવર્સિટી ના યુનિટ/સબયુનિટ ના તમામ અધિકારીશ્રી ઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.**
૨. **હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.**
૩. **વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની કચેરી તરફ જાણ થવા સારૂ.**
૪. **નિયામકશ્રી,આઈટી સેલ વિભાગ નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા સદરહુ પરિપત્ર ઓન લાઈન આ યુનિવર્સિટીની વેબ સાઈડ ઉપર મુકવા ધટતુ કરવા સારૂ.**